# જમીનના મામલે સે. ૮ના યુવાનનું અપહરણ કરાયું

## જમીન પચાવી પાડવાના ઈરાદે ચાર શખ્સોએ યુવકનું અપહરણ કરી ચાર દિવસ સુધી ગોંધી રાખ્યો અને દસ્તાવેજો પર ખોટી સહી કરાવી દીધી

ગાંધીનગર, તા.૬

શહેરના સેક્ટર-૮ના એક યુવાનનું જમીનના મામલે ગાંધીનગરના બે શખ્સોએ અપહરણ કરી દીધું હતું અને માણસા ખાતે અપહરણકારોએ અપહૃતને મારી નાખવાની ધમકી આપી જમીનના દસ્તાવેજો પર ખોટી સહી કરી હતી. દરમિયાન અપહૃત અપહરણકારોના ચૂંગાલમાંથી નાશી છૂટ્યો હતો અને પાટણ એલ.સી.બી.ને ફોન કરી જાણ કરતા પોલીસે 'શૂન્ય' નંબરથી ફરિયાદ નોંધી ફરિયાદ ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ મથકે મોકલી આપી હતી જેમાં પોલીસે એક અપહરણકારની ધરફકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૮માં રહેતા બાલાશંકર ત્રિવેદીએ વર્ષ ૨૦૦૯માં માણસા ખાતે બે વિઘા જમીન ખરીદી હતી. એક વર્ષ પછી ૨૦૧૦માં એ જમીનના માલિક બાલાશંકર ત્રિવેદીનો મરણનો ખોટો દાખલો રજૂ કરી ખોટી સહીઓ કરી ગાંધીનગરના જ એક શખ્શ ઈશ્વરભાઈ રબારીએ જમીનના ખોટા દસ્તાવેજો કરાવ્યા હતા. ૨૦૧૨માં આ સમગ્ર મામલાની જાણ મૂળ જમીન માલિક બાલાશંકર ત્રિવેદીના પુત્રને થતાં તેણે જમીન સંદર્ભે ફરિયાદ નોંધાવી જે કેસ હાલ કોર્ટમાં છે. દરમિયાન બાલાશંકર ત્રિવેદીનો પુત્ર રૂચિર ત્રિવેદી ગત ૨જી જુલાઈના રોજ ગાંધીનગરથી પોતાના વતન શંખેશ્વર જઈ રહ્યા હતા એવામાં જ ઈશ્વર રબારીએ રૂચિર ત્રિવેદીને ફોન કરી ઘ-૨ સરકલ પાસે બોલાવી કારમાં બંને ઘ-૬ તરફ ગયા હતા. જ્યાં અન્ય એક શખ્સ પ્રભાત રબારી પણ કારમાં સવાર થઈ ગયો અને બાદમાં ઈશ્વર અને પ્રભાતે રૂચિરનું અપહરણ કરી બુટની દોરી વડે હાથ પગ બાંધી દીધા હતા.

અપહરણકારોએ અપહૃતને બે દિવસે સુધી રાજસ્થાન શામળાજી જેવા વિસ્તારમાં ફરાવી રાખ્યો અને બાદમાં માણસા ખાતે લઈ આવ્યા હતા. જ્યાં અન્ય બે શખ્સો મહેશ રબારી અને મેલા વિરમ રબારીએ ભેગા મળી ચારેય અપહરણકારોએ ધાકધમકી આપી જમીનના દસ્તાવેજો પર સહીઓ કરાવી લીધી હતી. અપહરણકારો બાદમાં અપહૃતને કલોલ લઈ ગયા હતા અને ત્યાંથી પાટણ તરફ જવા રવાના થયા હતા. દરમિયાન અપહૃત રૂચિર ત્રિવેદીએ તકનો લાભ લઈ અપહરણકારોની ચૂંગાલમાંથી છટકી ગયો હતો અને તુરંત પાટણ એલ.સી.બી. પોલીસને ફોન દ્વારા જાણ કરતા પોલીસે અરહતની ફરિયાદ શૂન્ય નંબરથી નોંધી ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ મથકમાં મોકલી આપી હતી. બાદમાં પોલીસે અપહરણકારો પૈકીના મુખ્ય સુત્રધાર ઈશ્વર રબારી ની પોલીસે ધરપકડ કરી હતી જ્યારે અન્ય ત્રણ અપહરણકારોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.




### પરમાત્મા તારો આભાર

જીવનમાં સારા વિચારો માત્ર કથા કે સંતોના ઉપદેશમાંથી જ નથી મળતા પરંતુ ક્યારેક કોઈ રીક્ષા, ટ્રક કે અન્ય વાહનો પાછળ લખાયેલા 'ચબરાકિયા' પણ ઘણો મોટો સંદેશ આપી જતા હોય છે. ગાંધીનગરના રાજમાર્ગો પર ફરતી આ ઓટોરીક્ષા પાછળ વિવિધ ધર્મના પ્રતિકો સાથે રીક્ષાચાલકે લખાવેલ સંદેશ પરમાત્મા દ્વારા મળી રહેલી 'ફેસીલીટી' બદલ પ્રભુનો આભાર માનવા સાથે માનવીની મહત્વકાંક્ષા તરફની દોટ વચ્ચે 'વિચારનો વિરામ' લેવા પ્રેરે તેવો છે. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી એમ દરેક ધર્મના પ્રતિક સાથે કોમી એકતાનો સંદેશનો રીક્ષા ચાલકે વગર લખે આપી દીધો છે તે અલગ. (તસવીર : સમીર રામી)

# એટીવીટી યોજના અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં પાયાની સુવિધાના કામો હાથ ધરી શકાશે

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં પાયાની જરૂરિયાત માટેની સુવિધાઓ પૂરી પાડવા અંગેના કોનો એટીવીટી યોજના અંતર્ગત હાથ ધરવામાં આવતા કામોની યાદીમાં સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

તાલુકા સરકારના અભિગમને સાકાર કરવા અને સમગ્ર રાજ્યમાં છેવાડાના લોકોનું જીવનધોરણ સુધારવા તથા તેમની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ગ્રામ્ય આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ, પીવાના પાણીની વ્યવસ્થા જેવા પ્રશ્નો હલ કરવા તથા તાલુકાની તમામ યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવતા કામોનું કોમન કન્વર્ઝન્સ હાથ ધરી કામોનું ડુપ્લીકેશન, ઓવરલેપીંગ નિવારી મીસીંગ લીન્ક જાણી શકાય તે હેતુથીવર્ષ ૨૦૧૧-૧૨થી આપણો તાલુકો-વાયબ્રન્ટ તાલુકો યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને અલગ ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રાંત અધિકારીના અધ્યક્ષપણા હેઠળની એટીવીટી કાર્યવાહક સમિતિને ઉપર્યુક્ત ચાર હેઠળના કાર્યો સુચવવાના અધિકારો આપવામાં આવેલ છે.

હવેથી સરકારી પ્રાથમિક શાળાના દરવાજાથી શાળાના મકાન સુધીના રસ્તા ઉપર પેવર બ્લોકના કામો હાથ ધરી શકાશે. સરકારી પ્રાથમિક શાળામાં આવેલ ખુલ્લી જગ્યામાં સવારની પ્રાર્થના માટે અને સમૂહ કવાયત જેવી સામુહિક પ્રવૃત્તિઓ માટે પેવર બ્લોકના કામો હાથ ધરી શકાશે. આ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમાં આઉટડોર જેવી પ્રવૃત્તિ જેવી કે સ્ટેજ પ્રવૃત્તિઓ માટે સામાન્ય ઉંચાઈ સાથેનું પ્લેટફોર્મ બાંધકામનું કામ હાથ ધરી શકાશે. પ્રાથમિક શાળાઓમાં આવેલ ખુલ્લી જગ્યામાં બાળકોને જમવા માટે ડાઈનીંગ એરીયાની જગ્યામાં પેવર બ્લોક અથવા સીસીના કામો અને તેની ઉપર સાદા શેડનું બાંધકામ હાથ ધરી શકાશે.



ગુજરાત ગ્રામીણ વિકાસ નિગમમાં છેલ્લા ૩૫ વર્ષથી ફરજ બજાવતા વખાજી ઠાકોર વય નિવૃત્ત થતા સેવા નિવૃત્ત સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. શિહોલી મોટી ગામના રહિશો દ્વારા મહાદેવજીના મંદિરમાં સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચિલોડા પ્રજાપિતા બ્રહ્માકુમારીના તારાદીદી, મીરાદીદી, કનુભાઈ ઠાકોર, માજી સરપંચ ફુલાજી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# સે. ૩૦ દરિયાલાલ-સાઈબાબા મંદિર ખાતે ચોથી ગુરૂપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર,તા. ૬

સેક્ટર-૩૦માં આવેલ ભગવાન ઝુલેલાલ સાઈબાબા મંદિર ખાતે ગુરૂ પૂર્ણિમાના દિવસે ચતુર્થ ગુરૂપૂર્ણિમાની ઉજવણી ભક્તિભર્યા વાતાવરણમાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે.

નગરના સેક્ટર-૩૦માં દરિયાલાલ અને સાઈબાબાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલ છે. આગામી તા. ૧૨ જુલાઈ શનિવારના રોજ મંદિરમાં ચોથી ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. આ ધાર્મિક પ્રસંગે સવારે ૫.૦૦ વાગ્યાથી પૂજા અર્ચના આરંભવામાં આવશે. સવારે ૮.૦૦ વાગે પાદુકા પૂજન, બપોરે ૧૨.૦૦ કલાકે મધ્યાહન આરતી, તેમજ સાંજે ૫.૦૦ કલાકે ૧૦૮ દિવડા પ્રગટાવી મંદિરમાં મહા આરતી કરવામાં આવશે. ત્યાર બાદ ભોજન પ્રસાદ ગ્રહણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે મંદિરમાં ચોથી ગુરૂપૂર્ણિમા ઉજવવામાં આવનાર છે. અગાઉ પણ ધામધૂમપૂર્વક ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી છે ત્યારે નગરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા સિંધી પંચાયત અને સાઈ પરિવાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગૌરીવ્રત નિમિત્તે બજારોમાં ભીડ ઉમટી

## રવિવાર હોવાથી સે. ૨૧ અને સે. ૨૪માં ગૌરીવ્રતની સામગ્રી અને પૂજાપાને ખરીદવા લોકોએ ધસારો કર્યો : હવે જ્વારા પણ ઉછરેલા તૈયાર મળવા લાગ્યા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર,તા. ૬

''ગોરમાંનો વર કેસરિયો,
નદીએ નાહવા જાય...''

અષાઢી સુદ અગિયારસ એટલે કે તા. ૮મી જૂન મંગળવારથી કુમારિકાઓના પ્રિય ગૌરીવ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. કુમારિકાઓ પોતાને મનપસંદ વર પ્રાપ્ત કરવા અગિયારસથી પૂનમ સુધી પાંચ દિવસનું વ્રત કરે છે અને આ વ્રત દરમ્યાન તેઓ જવારા ઉછેરી ગોરમાની પૂજા કરે છે તેમજ માત્ર સુકોમેવો જ આરોગી ઉપવાસ રાખે છે. ગૌરીવ્રત નજીક આવતા જ શહેરના સેક્ટર-૨૧ તેમજ સેક્ટર-૨૪ સહિત બજારોમાં પૂજાપાની સામગ્રી સાથે સૂકોમેવો વેચવાની હાટડીઓ લાગી ગઈ છે. આજે રવિવાર હોવાથી નગરના માતા-પિતા પણ પોતાની વ્હાલી દીકરીના વ્રત માટે ખરીદી કરવા નીકળી પડ્યા હતા.

ગૌરીવ્રત એ દરેક કુમારિકા પાંચ વર્ષની થાય એટલે પ્રારંભ કરે છે અને આ વ્રત સતત પાંચ વર્ષ સુધી કરવામાં આવે છે. છેલ્લા વર્ષે આ વ્રતનું ઉજવણુ કરાય છે. આ વ્રત દરમ્યાન કુમારી બાલિકાઓ એક માટીના મોટા કોડીયામાં વિવિધ કઠોળ જેવા કે મગ, મઠ, અડદ, તલ, વાલ, ચોળા, તુવેર વગેરે સાથે અનાજ જેવા કે ઘઉં ચોખા, બાજરી અને સાથે એરંડા વગેરે વાવી જ્વારા ઉછેરે છે. જ્વારા ઉછેરવા કોડિયામાં ખેતરમાંથી લાવેલી માટી અને ગાયનું છાણ મિક્સ કરીને તેમાં વાવણી કરે છે. પાંચ દિવસના આ વ્રત દરમ્યાન બાલિકાઓ ઉપવાસ રાખે છે. અને દરરોજ વહેલી સવારે નાહી ધોઈને તૈયાર થઈ ગામના ચોરે કે સોસાયટીના નાકે ગોરમાનુ પૂજન કરે છે. અહીં તેઓ પ્રતિક રૂપે જાર(જવ)ના સાંઠા રોપીને તેના પર કંકુ, ચોખા, અબીલ, ગુલાલ વડે પૂજા કરે છે અને ગોરમાને પોંખે છે તેમજ સૂકો મેવો ધરાવે છે અને પોતાને મન પસંદ વર મળે તે માટે પ્રાર્થના કરે છે. પાંચ વર્ષે આ વ્રતનું ઉજવણુ કરવામાં આવે છે.

સમગ્ર વ્રત દરમ્યાન કુમારિકાઓ ઉપવાસ રાખી માત્ર સુકો મેવો જેવો કે બદામ, કાજુ, અંજીર, ખારેક, જરદારુ, અખરોટ, કીસમીસ વગેરે ઉપરાંત મુક્તિ આરોગે છે અને ગોરમાને રીઝવતા ગીતો ગાય છે.

''ગોરમાને પાંચે આંગળીયે પૂજ્યા,
પણ છાંટણા ઓછા પડ્યાં રે...'

આજકાલ યંત્રયુગ અને રેડીમેઈડના જમાનામાં હવે બજારમાં તૈયાર જ્વારા અને જારના સાંઠીકડા સહિત તમામ પૂજાપો તૈયાર મળે છે. આ ઉપરાંત સૂકા મેવાના પેકેટ્સ પણ હવે બજારમાં તૈયાર મળી રહ્યા છે. જે કુમારિકાઓના સગપણ થયા હોય તેમને પહેલે વર્ષે ગૌરીવ્રત દરમ્યાન સાસરી પક્ષ તરફથી પાંચશેર સુકા મેવા સાથે પેંડા-બરફી મોકલવાનો સામાજીક રિવાજ લગભગ દરેક જ્ઞાતિમાં જોવા મળે છે. ગૌરી વ્રતમાં જવારના સાંઠા સાથે ધરતી માતાની પૂજા કરાય છે અને આ વ્રત એ હિન્દુ ધર્મના સોળ સંસ્કારમાનો એક સંસ્કાર ગણાય છે. આ વ્રત સફળતાપૂર્વક કરનાર કુમારિકાને 'મનગમતો માણીગર' પ્રાપ્ત થાય છે તેવી માન્યતા રહેલી છે. એટલે જ તો જ્યારે કોઈ સ્ત્રીનો પતિ કોઈ ઉત્તમ કાર્ય કરે ત્યારે તેને સ્નેહીજનો મજાકમાં 'તે ગોરમાને પાંચે આંગળીયે પૂજ્યા છે એટલે આવો પતિ મળ્યો' તેવું કહેતા હોય છે.



### મંત્રશક્તિથી શારિરીક પીડા દૂર કરવા માટે શિબિર યોજાઈ

આજના યંત્ર યુગ અને ભાગદોડભરી જીવનશૈલીના કારણે લોકો ઝડપથી અનેક વ્યાધિનો શિકાર બની રહ્યા છે. વળી, મોંઘવારીના કમરતોડ ફટકાને કારણે નાની મોટી વ્યાધિ માટે ડૉક્ટરો પાસે જવાનુ શક્ય હોય ત્યાં સુધી ટાળી રહ્યા છે. આ કારણે ઘણી શારીરિક પીડાઓ સાથે લઈને જીવન જીવી રહ્યા હોય છે. સેક્ટર-૧ના ગાયત્રી મંદિર ખાતે વૈદિક મંત્રશક્તિના માધ્યમથી શારિરીક પીડાઓથી મુક્તિ અપાવવા પંચાયતી નિરંજની અખાડાના સંત સ્વામી વૈરાગ્યનંદજી મહારાજ દ્વારા એક શિબિર યોજવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૨.૩૦, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૩.૧૫, ૬.૩૦

સ્ક્રીન-૪ :
ઑટોનગર સૂર્યા (તેલુગુ) : ૧૦.૦૦
હોલીડે : ૬.૪૫
બોબી જાસૂસ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
લેકર હમ દીવાના દિલ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦

: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
લેકર હમ દિવાના દિલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દેસાઈ સમુબેન નાગજીભાઈ (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૨૭૯/૧, સેક્ટર-૨૫, ગાંધીનગર